# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૫/ક્વા-૪/૧૯-૨૦/૨૫૪૬-૭** તા.૦૧-૦૬-૨૦૨૦

૨૦03 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, **રાજકોટ** ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No. PG- ૧૫/ક્વા-૪/૧૯-૨૦

| | |
|---|---|
| અરજદાર: | એન.આર.ગોસાઈ (નૈનેશગીરી ગોસાઈ) ગામ -રાજકોટ **સબડીવીઝન**: નાનામવા રોડ |
| રજૂઆત કરનાર: | અરજદાર ગેરહાજર રહેલ છે. |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા: | કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-3** |
| રજૂઆત કરનાર: | કાર્યપાલક ઈજનેર શ્રી **પી.જે.મેહતા** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-3** હાજર રહેલ છે. |

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર ટેકનીકલ- શ્રી પી.એચ. માવાણી
3) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ: | ૧૨-03-૨૦૨૦ (ગુરુવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૨-03-૨૦૨૦ (ગુરુવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, ઉપરોક્ત ગ્રાહક નં.૮૮૬૦૭/૦૦૩૯૧/૭ માં (૧)માહે ઓગષ્ટ–સપ્ટેમ્બર– ૧૮ માં રૂ.૧૫૦/– (૨) માહે ઓકટોબર–નવેમ્બર– ૧૮ મા રૂ.૧૫૦/–(૩) માહે ડિસેમ્બર–જાન્યુઆરી– ૧૯ મા રૂ.૧૫૦/– (૪) માહે ફેબ્રુઆરી–માર્ચ– ૧૯ મા રૂ.૧૫૦/–(૫) માહે એપ્રીલ – મે– ૧૯ મા રૂ.૭૫/– ચડત આવેલ હોય – પરંતુ આજદિન સુધી બલ્બ ની ખરીદી કરાયેલ ન હોય –ઉપરોકત તમામ રકમ` જમા અપાવવા યોગ્ય કરવા વિનંતી. તેમજ પેટા વિભાગીય કચેરીમાં અરજી ૦૬ માસ પહેલા જે તે લેઝર કલાર્ક ને આપેલ છે, આજદિન સુધી પેટા વિભાગીય કચેરી તરફથી કોઈ પ્રત્યુતર પાઠવેલ નથી આમ કોઈ નિરાકરણ ન આવતા અરજદારે સદર રકમ જમા અપાવવા અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- જણાવવાનું કે ગ્રાહક ના લાઈટ બીલ માં ઉજાલા બલ્બ નો ચાર્જ વસુલ કરવામાં આવેલ છે જેથી સબડીવીઝન પાસે તા.૦૬.૦૯.૨૦૧૯ ના રોજ આવેલ અરજી અનુસંધાને ઓન લાઈન રજીસ્ટ્રેશન તા.૧૮.૦૯.૨૦૧૯ ના રોજ કરવામાં આવેલ અને ત્યારથી ગ્રાહક શ્રી ના ખાતામાં ઉજાલા બલ્બ ના ચાર્જ કાપતા બંધ થઇ ગયેલ છે.

વધુમાં સદર બાબતે જણાવવાનું કે અત્યારે હાલ ઓન લાઈન ઉજાલા રજીસ્ટ્રેશન એલટી બિલિંગ સીસ્ટમ મુજબ ગ્રાહક જયારે ફરિયાદ લઇ આવે છે ત્યારે તેમાં રજીસ્ટ્રેશન કરવામાં આવે છે આ રજીસ્ટ્રેશન થયા પછી ના હપ્તા બંધ થઇ જાય છે અને જે ચડત હપ્તા થઇ ગયેલ છે તે બાબતે વડી કચેરી દ્વારા પત્ર નં.- પીજીવીસીએલ/રેવ/૨૦૧૮-૧૯/LTB-1/ ૧૩૬૬તા.૩.૧૦.૧૮થી આપેલ માર્ગદર્શન મુજબ EESL (એનર્જી એફીસીયન્સી સર્વિસીઝ લી.) ને ડેટા જી.યુ.વી.એન.એલ. તરફ થી મોકલવામાં આવે છે અને આ પ્રકારનો ડેટા EESL ને ૧૫ દિવસ માં યોગ્ય નિરાકરણ કરવા અર્થે આપવામાં આવે છે જેમાં EESL ગ્રાહક દ્વારા કરવામાં આવેલ ફરિયાદ સાથે સહમત થશે તો ગ્રાહક પાસેથી બાકી રહેલા ઉજાલા ઈ.એમ.આઈ ની રીકવરી કાયમી ધોરણે બંધ કરવામાં આવે છે તેમજ ગ્રાહક ના ખાતામાં રહેલી ઉજાલા ઈ.એમ.આઈ પેટેની બાકી રકમ સીસ્ટમ લેવલે જરૂરી એડજેસ્ટમેન્ટ આપીને મજરે આપવામાં આવે છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની ફરીયાદ મુજબ – તેઓના વીજબીલ ગ્રાહક નં. ૮૮૬૦૭/૦૦૩૯૧/૭ મા ઉજાલા બલ્બની રકમ ચડત આવતી હોય – પરંતુ અરજદારે ઉજાલા બલ્બની કોઈ હપ્તેથી ખરીદી કરેલ ન હોય – જેથી સદર રકમ જમા આપવા સબંધક કચેરીમાં રજુઆત કરેલ પરંતુ કોઈ કાર્યવાહી ન થતા – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજુઆત કરેલ છે.

૪.૨ ઉપરોક્ત પેરા નં.–૪.૧ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરાયેલ પી.આર.ટી.–૧૪૫ મુજબ સદર ગ્રાહક નં. ૮૮૬૦૭/૦૦૩૯૧/૭ ના વીજબીલમાં નીચે મુજબ – ઉજાલા ચાર્જીસ વસુલાયેલ છે.

| Billing Month | Ujala Charges in Rs. |
|---|---|
| AUG,SEP,18 | 150 |
| OCT,NOV,18 | 150 |
| DEC,JAN,19 | 150 |
| FEB,MAR,19 | 150 |
| APR,MAY,19 | 75 |
| | 675 |

ઉપરોક્ત બાબતે પીજીવીસીએલ પક્ષકાર ની રજૂઆત મુજબ સદર વીજબીલના ખાતામા જમા આપવા માટે ની કાર્યવાહી પેટા વિભાગીય કચેરી દ્વારા કરાયેલ છે, જેની જરૂરી મંજુરી મળ્યેથી ગ્રાહકના ખાતામા સદર રકમ જમા આપવામા આવશે.

૪.૩ સદર કેઈસ મા, ઉપરોક્ત મુદ્દા નં. ૪.૨ મુજબ ની વિગતે – અરજદાર દ્વારા ઉજાલા બલ્બ ની ખરીદી E.M.I. પધ્ધતિ દ્વારા કરાયેલ હોય – તે બાબતેના આધાર–પુરાવા પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરાયેલ નથી. જેથી, અરજદારના વીજબીલમાં ઉજાલા ચાર્જીસ પેટે રકમ વસુલેલ છે, તે તેઓના બીલીંગ ખાતામા – અરજદાર તથા અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૩૦ મા જમા આપવાની સુચના પીજીવીસીએલ પક્ષકાર ને આપવામા આવે છે.

૪.૪ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૩ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૪.૫ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (કે. જે. મોટાણી) | (પી. એચ. માવાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: (૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯.